## ૨૯ સપ્ટેમ્બર થી ૧૨ ઓક્ટોબર દરમિયાન યોજનાર ૩૬મી રાષ્ટ્રીય રમતોની તૈયારીઓ પૂરજોશમાં

# આયોજન માટે ગાંધીનગર સંપૂર્ણ સજ્જ

### તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે ૩૬મી રાષ્ટ્રીય રમતોત્સવનો રંગારંગ ઉદ્ઘાટન સમારોહઃ પ્રધાનમંત્રી મોદી કરાવશે શુભારંભ : ગાંધીનગર ખાતે રોડ સાયકલીંગ, વેઈટલિફ્ટિંગ, જુડો, તલવારબાજી, વુશુ, કુસ્તી, બોક્સીંગ, ટ્રાયથલોન, સ્ક્વોશ, એથલેટિક્સ, સોફ્ટબોલ જેવી રમતો યોજાશે






| રમતનું સ્થળ | રમત | તારીખો |
|---|---|---|
| મહાત્મા મંદિર | વેઈટલિફ્ટિંગ | ૩૦ સપ્ટેમ્બરથી ૦૪ ઓક્ટોબર |
| | જુડો | ૦૭ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર |
| | તલવારબાજી | ૩૦ સપ્ટેમ્બરથી ૦૪ ઓક્ટોબર |
| | વુશુ | ૦૮ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર |
| | કુસ્તી | ૩૦ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર |
| | બોક્સીંગ | ૦૫ ઓક્ટોબરથી ૧૨ ઓક્ટોબર |
| આઈઆઈટી, ગાંધીનગર | ટ્રાયથલોન | ૦૯ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર |
| | સ્ક્વૉશ | ૦૧ ઓક્ટોબરથી ૦૫ ઓક્ટોબર |
| | એથલેટિક્સ | ૩૦ સપ્ટેમ્બરથી ૦૪ ઓક્ટોબર |
| | સૉફ્ટબોલ | ૦૭ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર |
| છ-રોડ | સાયક્લીંગ | ૦૮ ઓક્ટોબરથી ૦૯ ઓક્ટોબર |
| ક્રાઉન શૂટિંગ સ્પોર્ટ્સ એકેડમી, વલાદ | શોટગન શૂટિંગ | ૩૦ સપ્ટેમ્બરથી ૦૭ ઓક્ટોબર |

ગાંધીનગર, તા.૨૬

આગામી ૩૬મી રાષ્ટ્રીય રમતો શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ રમતોને લઈને રાજયના પાટનગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહી ૩૬મી રાષ્ટ્રીય રમતોનો શુભારંભ કરાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ રમતોનું સુચારું આયોજન થાય તે માટે ગાંધીનગરમાં યોજાનારી તમામ રમતો માટે પાટનગર સંપૂર્ણ સજ્જ છે. ગાંધીનગરમાં જુદા-જુદા સ્થળોએ અલગ-અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાત્મા મંદિર ખાતે વેઈટલિફ્ટિંગ, જુડો, તલવારબાજી, વુશુ, કુસ્તી અને બોક્સીંગની રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આઈઆઈટી, ગાંધીનગર ખાતે ટ્રાયથલોન, સ્ક્વૉશ, એથલેટિક્સ,સૉફ્ટબોલ જેવી રમતો યોજાનાર છે. જ્યારે વલાદ ખાતે આવેલી ક્રાઉન શૂટિંગ એન્ડ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે શૂટિંગનું તથા પાટનગરના 'છ' માર્ગ ખાતે રોડ સાયકલીંગનું આયોજન કરવામાં આવ્યું છે.







આદ્યશક્તિ.. જગત જનની મા અંબાની સતત નવ દિવસ સુધી ભાવપૂર્વક ભક્તિ કરવાનો ઉત્સવ એટલે.. નવરાત્રી... બે વર્ષના લાંબા અંતરાળ બાદ આ વર્ષે ગરબા મહોત્સવનું આયોજન થઈ રહયું છે ત્યારે નવરાત્રીના પ્રથમ દિવસે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે માતાજીની આરતી બાદ ખેલૈયાઓ મનમુકીને ગરબે ઝુમ્યા હતા. જામખંભાળીયાના પ્રસિધ્ધ વૃંદ દ્વારા માથે બેડા લઈને માતાજીની આરતી કરવામાં આવી હતી ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા ઈ- ખાતમુહૂર્ત

## ગુજરાતના વિકાસ મોડલની આજે દેશભરમાં નોંધ લેવાઈ રહી છે :મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદમાં આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજિત ૨૩૭ કરોડના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદના જોધપુર વોર્ડમાં ઝોનલ ઓફીસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું , તેમજ સરખેજ વોર્ડ ખાતે ૨૧૪૦ આવાસો અને શકરી તળાવ અને થલતેજ વોર્ડ ખાતે શીલજ તળાવનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આ પ્રસંગે પિંક ટોયલેટનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરસાદી પાણીના સંગ્રહ માટે પરકોલેટિંગ વેલ બનાવવા માટે સરખેજ વોર્ડના ઘુમા ખાતે આવેલી શિવમ સોસાયટી સાથે એકસચેન્જ કરવામાં આવ્યા હતા.



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, આજ સવારથી રૂપિયા ૧૧૦૦ કરોડથી વધુના વિકાસના કામો ગાંધીનગર લોકસભા ક્ષેત્રના ગ્રામીણ અને શહેરમાં અનેક ભૂમિપૂજન અને લોકાર્પણ થકી સંપન્ન થયા છે. આ પ્રસંગે ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે અનેકવિધ વિકાસ કામો હાથ પર લીધા છે અને તેને ઝડપથી પૂર્ણ કરી રહી છે. આજે લોકાર્પણ થયેલ નવનિર્મિત ભવનનું બે- ત્રણ વર્ષ પહેલા ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું અને આજે તેનું લોકાર્પણ કર્યું છે. અમિતભાઈ શાહ એ કહ્યું કે, કોઈ મલ્ટી નેશનલ કંપનીનું બિલ્ડીંગ હોય તેવું અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ ઝોનલ ઓફિસ અનેક સુવિધાઓથી સજ્જ છે. આ ઝોનલ ઓફિસ તૈયાર થવાથી વેજલપુર વિધાનસભાના મત વિસ્તારના લોકોને હવે જોધપુર ક્ષેત્રની બહાર જવું નહીં પડે અને તમામ પ્રકારના સરકારલક્ષી કામો આ ઝોનલ ઓફિસમાંથી થશે એમ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રીએ જણાવ્યું હતું.

ગાંધીનગર વિધાનસભા ક્ષેત્રના ૩૦ તળાવો બારેમાસ પાણીથી ભરી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે એમ શ્રી અમિતભાઈ શાહે વધુમાં ઉમેર્યુ હતું. પિંક ટોયલેટ પ્રોજેક્ટ ની વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટ મહિલાઓ માટે એક આશીર્વાદરૂપ બની રહેશે.

આજે ૧૦ થી વધુ નેશનલ હાઈવે દ્વારા ગુજરાત સજ્જ બન્યું છે. ગુજરાતના વિકાસ મોડલની આજે દેશભરમાં નોંધ લેવાઈ રહી છે. ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રા ચાલુ જ રહી છે. ગુજરાતની વિકાસ યાત્રા વધુ ગતિશીલ અને વધુ નિર્ણાયક બની છે એમ તેમણે ઉમેર્યું હતું. અમિતભાઈ શાહે નવરાત્રિના પર્વને લઈને સૌ ગુજરાતીઓને શુભકામનાઓ પણ પાઠવી હતી.

# પોતાની મહામુલી જમીનો બચાવવા ખેડૂતોએ અમિત શાહને પોસ્ટકાર્ડ લખ્યાં

ગાંધીનગર, તા.૨૬

ભારત સરકાર દ્વારા દેશવ્યાપી રોડ અને હાઈવે નેટવર્કના ભારતમાલા પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરના પીંપળજ ગામે જેમાં ખાસ કરીને ખેડૂતોની જમીનના સર્વે નંબરો જેમાં તેમના વસાહત માટેના મકાનો પિયત જમીન જેમાં ટ્યુબવેલ કે બોરવેલને અસર થાય છે તેવા અસરગ્રસ્ત ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. આજે પીંપળજ ગામે ભારતમાલા પ્રોજેકટના અસરગ્રસ્ત ખેડૂતોએ મળીને કેન્દ્રીય ગૃહમંત્રી તથા સ્થાનિક સાંસદ અમિતભાઈ શાહને પોસ્ટકાર્ડ લખીને આ પ્રોજેક્ટ સામે વિરોધ નોંધાવ્યો છે. આ સાથે ખેડૂતોએ જો આ પ્રોજેક્ટ નહીં હટાવાય તો આગામી ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં મતદાન બહિષ્કારની ચિમકી પણ ઉચ્ચારી છે.અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાલા પ્રોજેક્ટમાં જેમની જમીનોનું સંપાદન થવાનું છે તેવા નવા પીંપળજ ખાતેના ખેડૂતોએ તેમની મહામુલી જમીનો અને મકાનો બચાવવાં લડત આપવાનો નિર્ધાર કર્યો છે જે માટે અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિની રચના પણ કરવામાં આવી છે. આ સાથે અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિના પ્રમુખ પદ યોગેન્દ્રસિંહ વાઘેલા અને મહામંત્રી પદ વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે "ભારતમાલા પ્રોજેક્ટ નવા પીંપળજ ગામના આશરે ૨૦૦ જેટલાં ખેડૂતોની જમનીનોને અસર કરે છે. જાહેર કરાયેલા ગેજેટ મુજબ ભારતમાલા હાઈવે અમારા ગામની માત્ર આશરે ૧૦૦મીટર દૂરથી જ પસાર થશે જેના કારણે અકસ્માતનો ભય, ઘોંઘાટ અને હાઈવેના દૂષણો સહિત ગામને લાંબા ગાળે પ્રદૂષણની પણ અસર નડશે. વળી સરકાર ખેડૂતોને જે વળતર આપશે તે જંત્રી આધારિત હશે જેમાં જંત્રીના ચાર કે પાંચ ગણું વળતર હશે પરંતુ હાલ અમારી જમીનનો ભાવ બજારમાં ખૂબ વધુ છે. અમારી જમીનો ફળદ્રુપ અને પિયત જમીનો છે જેથી જો સરકાર અમને નદી કિનારા પાસેની સરકાર હસ્તકની જમીન વળતર સાથે આપવામાં આવે તો અમારી આજીવિકા પણ જળવાઈ રહેશે અન્યથા અમારા માટે ઉગ્ર અંદોલન સિવાય અન્ય કોઈ આરો નથી. ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત નવા પીંપળજ ગામની અંદાજે ૬૦૦ વીઘાથી વધુ જમીન કપાતમાં જાય છે



## વરસાદી વાદળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવરાત મહોત્સવ દરમિયાન વરસાદી વાદળો ગોરંભાય અલબત્ત મેઘરાજા જયાં ચઢે ત્યાં પડે તેવી આગાહી પણ છે. ત્યારે સમગ્ર રાજયમાં સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. આવા સંજોગોમાં કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી ગરબે ઘુમવા થનગની રહેલા ગરબા પ્રેમીઓની ઈન્તેજારીનો અંત આવતા હવે મનભરીને ગરબે ઘુમવા ઉત્સુક જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે વરસાદ વાયરાના લીધે સૌ કોઈમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

## હત્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીની પાછળના ભાગે પલ્સર બાઈક પર પીછો કરી રહેલા બુકાનીધારી શખ્સોએ કિરણને રીવોલ્વર થી બરડાના જમણા ભાગે ગોળી મારી હત્યા નિપજાવી નાસી ગયા હતા. સવારના ૧૦ વાગ્યાના અરસામાં બનાવ બનતા કર્મચારીઓ સહિત ગ્રામજનો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા સેકટર-૭ પોલીસ સહિત વિવિધ એજન્સી પણ દોડી આવી હતી. જયારે બનાવ સ્થળ પર ડીવાયએસપી એમ.કે.રાણા પણ દોડી આવ્યા હતા. પોલીસે મૃતકના ભાઈ વિજયની ફરીયાદ લઈ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસે ડોગ સ્કવોડ, ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આસપાસના સીસીટીવી ફુટેજ પણ ચકાસણી શરુ કરવામાં આવી છે. નોંધનીય છે કે યુવકની હત્યા ૯ એમએમની ગોળીથી કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જયારે ઈન્દ્રોડા થી યુવક બિરસા મુંડા થઈ સેકટર-૧૦ સરકારી કચેરીઓ પાસેથી પસાર થતા માર્ગ પર થી સચિવાલય નોકરી જતો હતો.ત્યારે આજે નિત્યક્રમ મુજબ કિરણ ઘરે થી નીકળી બિરસામુંડા પાસેના રોડ પર થી જઈ રહ્યો હતો. તે સમયે બાઈક પર આવેલા શખ્સોએ પાછળથી ગોળી મારી યુવકનું ઢીમ ઢાળી દીધુ હતું.

## તોડી પડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાશે જેથી ટુંક સમયમાં નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજના આગળ વધશે. આગામી દિવસોમાં વિધાનસભાની ચુંટણી પણ આવી રહી છે. ત્યારે ચાલુ વર્ષમાં યોજનારી ચુંટણીમાં ચુંટાયેલા સદસ્યોને નવા આવાસમાં રહેવા વસવાટની સુવિધા મળશે. જુના આવાસો આમ પણ જોખમી હાલતમાં હતા જેથી જોખમી મકાનો ખાલી કરાવી દેવાયા બાદ હવે કંગાળ બિલ્ડીંગને તોડવા માટે ઝડપથી કામ ચાલી રહ્યુ છે. જેના અંતે આગામી બે મહીના બાદ નવા સદસ્ય નિવાસની કાર્યયોજના પણ આગળ વધશે.

## ૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકાના સાંબેલા ગામે ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ અને ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ૨૩ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૦૦ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

## ૭ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે આ બસ જલોડા પાસે પહોંચી ત્યારે અનિયંત્રિત થઈ હતી અને ૪૦૦ મીટર ઊંડી ખીણમાં જઈને પડી હતી. જેમાં ૫ના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા. જ્યારે અન્ય બેના હોસ્પિટલમાં મોત થયા હતા. સ્થાનિક લોકોની મદદથી પોલીસે બસમાં ફસાયેલા લોકોને સ્થાનિકોની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. ગુર્દેવ સિંઘ આ બનાવ અંગે જણાવે છે વધુમાં જણાવ્યું કે, "આ અકસ્માતમાં ૭ લોકોના મોત થઈ ગયા છે અને ૧૦ ઘાયલ છે. ૫ને કુલુની ઝોનલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યારે અન્ય ૫ની સારવાર બંજારાની સ્થાનિક હોસ્પિટલમાં ચાલી રહી છે." આ અકસ્માત સર્જાવાના કારણે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

## વિચારયાત્રા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

બાળકોની કુતૂહલવૃત્તિ, કલ્પનાશક્તિ હજી મરી પરવારી નથી. કારણ કે તેઓ ચોક્કસ ચાવી દીધેલા રોબોટ બન્યા નથી તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ પસાર થતી વખતે તેમનો જે સમય છે તે નાની નાની બાબતોને ઝીણવટભરી રીતે જોઈ શકે તેવો અવકાશ તેમની પાસે છે.

આપણો મોટાભાગનો સમય જીવનને વ્યવસ્થિત બનાવવાના ચક્કરમાં ભવિષ્યકાળ વિશે વિચારતો રહે છે. અને એક ઉંમર પછી વૃદ્ધાવસ્થામાં ગમે તેટલો ભયંકર હોવા છતાં ભૂતકાળને જ વાગોળતો રહે છે.

ખૂબ જ શીઘ્રતાથી આપણે વર્તમાન વળોટી જઈએ છીએ. આપણને ગમતું ભોજન ફટાફટ કરી લઈએ એ વર્તમાન ક્ષણનું અપમાન જ છે. આપણને ખૂબ ગમતું પિક્ચર જોતી વખતે તેમાં આવતા ગીતને ફટાફટ ભગાવી દઈને આપણે આગળ વધી જવું હોય છે.

આપણે બૂમો મારતા રહીએ છીએ કે પહેલાંના સમયના ગીતો કર્ણપ્રિય હતા મેલોડીએસ હતા. આજકાલ એવું નથી કારણ પહેલાના ગીતો માં હીરો અને હિરોઈન ની ખીજ દરમિયાન ની મૂવમેન્ટ ખૂબ જ સહજ અને મંદ રહેતી હતી. આખું ગીત પૂરું થઈ જાય ત્યાં સુધી હીરો અને હિરોઈન મંથરગતિએ હલનચલન કરતા હોય તો તે પ્રકારના શાંત શબ્દો સાથેનું શાંત સંગીત સંગીતકારો પણ પીરસી શકતા હતા.

ત્યાર પછીનો સમય ઝડપનો આવ્યો. આપણામાંથી એકાગ્રવૃત્તિ અને સમયને પકડીને માણવાની વાત ગાયબ થતી જવા માંડી. તેથી સંગીત પણ ફાસ્ટ થતું ગયું. ગીતની અંદર હીરો હિરોઈનની ગતિ પણ વધતી ગઈ. આ બધું આપણા બદલાતા સ્વભાવને કારણે તેમણે બદલાવ કરવો પડ્યો.

સો વાતની એક વાત મળેલી નાની નાની ક્ષણોથી જીવન બને છે તે આપને સહુ જાણીએ છીએ પરંતુ તે નાની નાની ક્ષણોનો સંપુટ બનાવીને, તેની એક શૃંખલા બનાવીને જીવન મધુરું બનાવવું હોય તો સ્થિરતા લાવવી પડશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488